ગુજરાતમિત્ર | નવસારી-વલસાડ-વાપી



# વાપી મનપા: ગઢ જીતવા 179 મૂરતિયા

**ભાજપના** ડમી સાથે 86 ઉમેદવારીપત્ર, કોંગ્રેસના 66 તેમજ આપના 9 અને અપક્ષ 14 સાથે 179 ફોર્મ ભરાયાં

**નાણાં** મંત્રી કનુભાઈ દેસાઈએ હાજર રહી મનપાના ભાજપના ઉમેદવારનાં ફોર્મ ભરાવ્યાં



વાપીઃ વાપી મહાનગરપાલિકાની ચૂંટણી માટે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપે તેના તમામ 52 ઉમેદવારના ફોર્મ ભર્યા હતા. ભાજપે ડમી સાથે 86 ઉમેદવારીપત્રો ભર્યા હતા. જ્યારે કોંગ્રેસ તરફથી 66 તેમજ આપના 9 ઉમેદવારીપત્રો ભરાયા હતા. 14 અપક્ષ તેમજ આદિવાસી સેવા પાર્ટી તરફથી 4 ફોર્મ ભરાયા હતા.

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની આગેવાનીમાં મનપાના ભાજપના તમામ ઉમેદવારોએ ઢોલ-નગરા સાથે તાલુકા સેવા સદનમાં પહોંચીને ઉમેદવારીપત્રો ભર્યા હતા. વોર્ડ નં.૫ના ઉમેદવાર સતિષભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વોર્ડ નં. ૯ના ઉમેદવાર મિતેશભાઈ દેસાઈ સહિતના ઉમેદવારો તેમજ આગેવાનો સાથે તાલુકા સેવા સદનમાં જઇને ફોર્મ ભર્યા હતા. કનુભાઈએ ભાજપના દરેક ઉમેદવારની સાથે ઊભા રહીને ઉમેદવારીપત્રો ભરાવ્યા હતા.

બીજી તરફ કોંગ્રેસના આગેવાનોએ તેમના ઉમેદવારો પણ ફોર્મ ભરવા માટે તાલુકા સેવા સદન પહોંચ્યા હતા. આ ઉપરાંત આપ પાર્ટી તરફથી પણ ફોર્મ ભરાયા હતા. હવે ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ તેમજ ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની મુદત બાદ માન્ય ઉમેદવારોનું લિસ્ટ જાહેર થશે ત્યારે ચૂંટણીનું ખરું ચિત્ર સ્પષ્ટ થશે.

### ચણોદના માજી સરપંચે તેના વોર્ડમાં આખી પેનલ ઉતારી

વાપી મનપામાં જે ગામો જોડાયા છે તે પૈકી મોટું ગામ ગણાતું ચણોદમાં માજી સરપંચ જીતુભાઈ મહ્યાવંશીએ આદિવાસી સેવા પાર્ટીના નામે ચાર ઉમેદવારની પેનલ ઊભી રાખી છે. વોર્ડ નં.૧૨માં તેમની પેનલને લઈને લઈને સારી એવી ચર્ચા છે. આ વોર્ડમાં હાલમાં સૌથી વધુ ૧૯ ઉમેદવારીપત્ર ભરાયા છે.

### હાઈકોર્ટ સુધી જઈ મતદારે કોંગ્રેસમાં ફોર્મ ભર્યું



એડવોકેટ શશાંક મિશ્રાએ કોંગ્રેસના ઉમેદવાર તરીકે વોર્ડનં.૫માંથી ફોર્મ ભર્યુ હતું. મતદાર તરીકે શશાંકકુમારનું નામ નોટિફાઈડ એરિયામાં જતું રહયું હતું. જેના માટે હાઈકોર્ટમાં રિટ પિટિશન કરીને આ ચૂંટણી માટે હાઈકોર્ટે તેને મતદાર તેમજ ઉમેદવાર થઈ શકે તેવો હુકમ કર્યો હતો. જયારે શહેર કોંગ્રેસના પ્રમુખ મહેશભાઈ શાહે વોર્ડ નં.૧માં ઉમેદવારી કરી છે. જયારે તેમના પુત્ર ચિંતન શાહે વોર્ડ નં. ૯માં ઉમેદવારી નોંધાવી છે.

### ભાજપની ટિકિટ નહીં મળતાં ફરી કોંગ્રેસમાં ઉમેદવારી નોંધાવી

ડુંગરા-કરવડના વોર્ડ નં.૪માં ભાજપના ઉમેદવાર બનવા માટે ભાજપના નિરીક્ષકો સામે ઉપસ્થિત થનાર કોંગ્રેસના માજી નગર સેવકને ભાજપની ટિકિટ નહીં મળતા શનિવારે ફરી કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી હતી. કોંગ્રેસે વિનોદભાઈ પટેલને પોતાના ઉમેદવાર તરીકે ફોર્મ ભરાવ્યું હતું. રાજકારણમાં આવું ભાગ્ય ખૂબ ઓછાને મળતું હોય છે.

---

નાનાપોંઢા તાલુકાની સુખાલા બેઠક ઉપર

# કોંગ્રેસ પ્રદેશના આદેશ બાદ કુંજાલી પટેલે ઉમેદવારી નોંધાવી

**નામ** લિસ્ટમાં ન હોવાનું જણાવતા નારાજ થઈ કુંજાલી પટેલ ચૂંટણીથી ખસી જતાં કોંગ્રેસમાં ભારે હોબાળો મચ્યો હતો

વલસાડ: સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે નાનાપોંઢા તાલુકા પંચાયતની સુખાલા બેઠક માટે કુંજાલી પટેલે કોંગ્રેસ ઉમેદવાર તરીકે લકઝરી કારોના કાફલા સાથે કપરાડા મામલતદાર કચેરીએ પહોંચી પોતાનું ઉમેદવારીપત્રક ભર્યું હતું અને જીતનો હુંકાર કર્યો હતો.

નોંધનીય છે કે, તાલુકામાં રાજકારણ ક્ષેત્રે સૌથી અગ્રેસર સુખાલા બેઠક ઉપર ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી, પૂર્વ કપરાડા તાલુકા પંચાયત સભ્ય કુંજાલી પટેલે ટિકિટ માંગતા તેમનું નામ લિસ્ટમાં ન હોવાનું સ્થાનિક નેતાઓએ જણાવતા કુંજાલી પટેલે નારાજ થઈ સમગ્ર ચૂંટણી પ્રચારથી દૂર રહેવાનું નક્કી કરતાં ભારે હોબાળો મચ્યો હતો. જે મુદ્દે ગુજરાતમિત્ર દ્વારા અહેવાલ પ્રસિદ્ધ કરતાં પ્રદેશ કોંગ્રેસ મોવડી મંડળે ગંભીર નોંધ લીધી હતી. જેના પગલે પ્રદેશની સૂચના મુજબ સુખાલા બેઠક ઉપર શનિવારે ફરી મેન્ડેટ સાથે કુંજાલી પટેલે પોતાનું ઉમેદવારી પત્રક ભર્યું હતું. આમ હવે આ બેઠક ઉપર રાજકીય રંગ વધુ વેગવાન બનશે.

### અંભેટી જિ.પં. બેઠક પર કોંગ્રેસના વસંત પટેલના પુત્રએ ઉમેદવારી નોંધાવતાં ભાજપ ગેલમાં

અંભેટી જિલ્લા પંચાયત બેઠક ઉપર જિલ્લા કોંગ્રેસ આગેવાન વસંત પટેલના પુત્રએ ઉમેદવારી નોંધાવતા ભાજપ ગેલમાં આવી ગયું છે. કારણ કે, વસંત પટેલનો પરિવાર વલસાડ રહેતા હોય મતદારો સાથે કોઈ સંપર્ક ન હોય કોંગ્રેસ ઉમેદવારી પસંદગીમાં થાપ ખાઈ ગઈ હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

### અંભેટી જિલ્લા પંચાયત બેઠક ઉપર અપક્ષ ઉમેદવારી થતાં રાજકીય સમીકરણ બદલાશે

શનિવારે ફોર્મ ભરવાના અંતિમ દિને શનિવારે નાનાપોંઢા તાલુકાની અંભેટી જિલ્લા પંચાયત બેઠક ઉપર ઉમેદવારી પત્રક ભરવાના થોડી મિનિટો અગાઉ જ પંડોરની એમ.એસ.સી. બી.એડ.ની ડિગ્રી ધરાવતી મહિલા શેફાલી મનોજ પટેલે અપક્ષ ઉમેદવારી કરતા સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. ભાજપ માટે અત્યંત સરળ બની ચૂકેલી અંભેટી બેઠક હવે રાજકીય પક્ષો માટે અસ્તિત્વનો પ્રશ્ન બની ચૂક્યો છે.

---

# વલસાડ તાલુકા પંચાયતની 32 બેઠક માટે 106 ફોર્મ ભરાયાં

**કોંગ્રેસ** અને આપને 32 બેઠક માટે પૂરતા ઉમેદવારો પણ ન મળી શક્યા

વલસાડઃ વલસાડ તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકમાં ઉમેદવારી કરવા માટે ફોર્મ ભરવાનો આજે આખરી દિવસ હતો. જેના પગલે ભાજપે આજરોજ પોતાના તમામ ઉમેદવારોના ડમી ઉમેદવારો સાથે ફોર્મ ભર્યા હતા. તેમજ આપ અને કોંગ્રેસના ઉમેદવારોએ પણ પોતાના ફોર્મ ભર્યા હતા. જોકે, આપ અને કોંગ્રેસને પુરતી બેઠક માટે ઉમેદવારો પણ ન મળતાં ભાજપની 5 બેઠકો બિનહરીફ આવી ગઇ હોવાની હાલ ગણતરી લગાવાઈ રહી છે.

વલસાડ તાલુકા પંચાયતની કુલ 32 બેઠકો છે. આ 32 બેઠકો માટે ભાજપના ઉમેદવારોએ 64 ફોર્મ ભર્યા હતા. જેમાં જેમને મેન્ડેટ મળ્યો હોય એવા 32 અને બાકીના 32 તેમના ડમી ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

આ સિવાય કોંગ્રેસે તાલુકા પંચાયતની 26 બેઠકો પર પોતાના ઉમેદવારોના ફોર્મ ભર્યા હતા. આમ આદમી પાર્ટીએ કુલ 21 બેઠકો પર પોતાના ઉમેદવારોને ચૂંટણી જંગ માટે ઉતારવા ફોર્મ ભર્યા છે. જ્યારે 5 ફોર્મ અપક્ષ ઉમેદવારોના ભરાયા હોવાનું હાલ જાણવા મળ્યું છે.

હજુ ફોર્મ ચકાસણી બાકી છે. તેમજ ફોર્મ ખેંચવાની તારીખ હજુ વાર છે. ફોર્મ ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ ખરું ચિત્ર સ્પષ્ટ થશે.

### વલસાડ જિલ્લા પંચાયતની વલસાડ તાલુકાની 9 બેઠક માટે 28 ફોર્મ ભરાયાં

વલસાડ જિલ્લા પંચાયતની બેઠક પર આપને એક પણ ઉમેદવાર મળી શક્યો ન હતો. જિલ્લા પંચાયતની 9 બેઠકો પર કોંગ્રેસે પોતાના 9 ઉમેદવારોના ફોર્મ ભર્યા છે. જ્યારે ભાજપે પોતાના 9 ઉમેદવારો અને 9 ડમી ઉમેદવારો મળી કુલ 18 ફોર્મ ભર્યા છે. જિલ્લા પંચાયતની વલસાડની એક બેઠક પર અપક્ષ ઉમેદવારે પણ ફોર્મ ભર્યું છે.

# એક ભાઈ ભાજપમાંથી બીજો કોંગ્રેસ માંથી લડશે

**ધરમપુર** જિલ્લા પંચાયતની ભેંસધરા બેઠક પર ત્રિપાંખિયો જંગ

ધરમપુરઃ ધરમપુર તાલુકા પંચાયતની 26 એપ્રિલે યોજાનારી ચૂંટણીને લઈને ખારવેલ અનુસૂચિત જાતિ બેઠક પર આ વખતે અનોખી ટક્કર જોવા મળી રહી છે. ભાજપ તરફથી જીતેન્દ્ર ધીરુભાઈ સુરતી જ્યારે કોંગ્રેસ તરફથી તેમના જ મોટા ભાઈ ઈલેશ ધીરુભાઈ સુરતી મેદાનમાં ઉતર્યા છે. બંને સગા ભાઈઓ અલગ-અલગ પક્ષમાંથી ચૂંટણી લડી રહ્યા હોવાથી રાજકીય ગરમાવો વધ્યો છે. આ ચૂંટણી જંગ ભારે રસપ્રદ રહેશે સાથે જ આમ આદમી પાર્ટીના જીગ્નેશભાઈ રોહિતે પણ ઉમેદવારી નોંધાવતા હવે આ બેઠક પર ત્રિકોણીય જંગ સર્જાયો છે. અગાઉ આ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ બંનેએ અલગ-અલગ સમયમાં કબજો જમાવ્યો હોવાથી આ વખતનું પરિણામ ખાસ રસપ્રદ રહેશે. ધરમપુર જિલ્લા પંચાયતની ભેંસધરા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે રીટાયર્ડ આર્મી શંકર ગવલીએ ઉમેદવારી નોંધાવી હતી. કોંગેસના નવયુવાન રાહુલ પટેલ તથા ભાજપનાં પ્રભાત પટેલ હોવાથી આ બેઠક ઉપર ત્રિપાંખીયા જંગ ખેલાશે એવા એંધાણ વર્તાઈ રહ્યા છે. જયારે ધરમપુર તા. પંચાયતની બોપી બેઠક પર કોંગેસની અનુસુચિત જનજાતિના ઉમેદવાર તરીકે નિર્મળા મોતીલાલ ગવલી 21 વર્ષની ઉંમરે પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

# ગણદેવી નગરપાલિકા ચૂંટણી ભાજપમાં કહીં ખુશી કહીં ગમ

**જૂના** જોગીઓની બાદબાકી

બીલીમોરાઃ ગણદેવી નગરપાલિકા માટે ભાજપ દ્વારા ઉમેદવારો જાહેર કરાયા હતા. ગત ટર્મના જીના જોગીની બાદબાકી જોવાઈ હતી જેમાં પાલિકા પ્રમુખ ભાવેશ પટેલ, માજી પ્રમુખ પ્રાણલાલ પટેલ, ભાવના નાયક, જીગીશા પટેલ, રવુ પટેલ, ચંદ્રકાંત ગાજુલ, મુમતાઝ રંગરેજ, અમિત ગજ્જર, પુષ્પાબેન ગરાણીયા, સંગીતા કાયસ્થ, આશા ટેલર, મનીષા તળાવીયા, હાફશાના બીબી મુઝવર, ઈદરીશ (મોન્ટુ ) તાઈ, કલ્પેશ ઢીમ્મર,રિઝવાન શેખની બાદબાકી કરાઈ હતી.

# પારડી તા.પં.ની 22 બેઠક પર કુલ 84, જિ.પં.ની 4 બેઠક પર 17 ઉમેદવાર

**ભાજપ**-કોંગ્રેસ સહિત પક્ષોએ પોતાના ઉમેદવારોના મેન્ડેડ ચૂંટણી અધિકારીને આપ્યા

પારડીઃ સ્થાનિક સ્વરાજ પારડી તાલાયતની 22 અને જિલ્લા પંચાયતની 4 બેઠક માટે 26 એપ્રિલે યોજાનાર ચૂંટણી માટે પારડી મામલતદાર કચેરીએ ચૂંટણી અધિકારી કિરણસિંહ રાણા અને આસ્થા સોલંકી તથા તાલુકા પંચાયતમાં ચૂંટણી અધિકારી એસ.વી. ભગોરા સમક્ષ ભાજપ-કોંગ્રેસ સહિતના પક્ષોએ ઉમેદવારોના મેન્ડેડ આજરોજ ચૂંટણી ફોર્મ ભરવાના અંતિમ દિવસે આપ્યા હતા.

પારડી તાલુકા પંચાયતની 22 બેઠકોની ચૂંટણી માટે ગતરોજ શુક્રવારના ભાજપના 44 ઉમેદવારોએ ફોર્મ ભર્યા બાદ આજરોજ શનિવારના નાણામંત્રી કનુભાઈ દેસાઈ સહિત તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, મહેશ દેસાઈ વગેરે હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ચૂંટણી અધિકારીઓને ભાજપ પાર્ટીના મેન્ડેડ આપવામાં આવ્યા હતા તેમજ કોંગ્રેસ પાર્ટીના 22 ઉમેદવારોએ ફોર્મ ભર્યા બાદ આજરોજ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સતિષ પટેલ, શહેર પ્રમુખ કપિલ હળપતિ, દર્શન પટેલ, સહિતના કોંગ્રેસના હોદ્દેદારોએ ચૂંટણી અધિકારીને મેન્ડેડ આપ્યું હતું. ત્યારે ચૂંટણીના અંતિમ તારીખે પારડી તાલુકા પંચાયતની 22 બેઠકો પર ભાજપ-કોંગ્રેસ-આપ-અપક્ષ મળી કુલ 84 ફોર્મ ભરાયા હતા તેમજ જી.પં. ની પારડી તાલુકાના ઉમરસાડી, ટુકવાડા, સુખેશ, પરીયા સહિત 4 બેઠક પર કુલ 17 ફોર્મ ભરાયા હતાં. જેમાં ભાજપના 8, કોંગ્રેસના 5, આપ ના 3 અને 1 અપક્ષ ઉમેદવારે ફોર્મ ભર્યું હતું.પારડી તાલુકાના જી.પં. ની 4 બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોએ ભર્યા હતા. જેમાં પરીયા બેઠક પર જયશ્રીબેન જીતેશ પટેલ, સુખેશ બેઠક પર રમેશ ભાણાભાઈ પટેલ, ટુકવાડા બેઠક પર જયાબેન કમલેશ પટેલ, ઉમરસાડી બેઠક પર નવીન શંકરભાઈ પટેલે ફોર્મ ભર્યું હતું.

## વાપી મનપાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારો

**વોર્ડ -1:** ફાલ્ગુનીબેન ભાવેશભાઇ માહ્યાવંશી, ચિરાગ લક્ષ્મણભાઈ પટેલ, મહેશભાઈ સેવંતીલાલ શાહ, પુનમ અનિલકુમાર પટેલ

**વોર્ડ - 2:** રીંકલબેન ગૌરવભાઈ આહિર, ભાવિકકુમાર રમેશભાઇ પટેલ, મેહુલભાઈ નલિનભાઇ મકવાણા, સરલાબેન ગણેશભાઈ પટેલ

**વોર્ડ - 3:** નેહલતા હવલદાર યાદવ, અરૂણાબેન બીપીનચંદ્ર દેસાઇ, વિજય સુરેન્દ્ર ગુપ્તા, મહમદ ઇમરાન અબ્દુલરઉ મિર્ઝા

**વોર્ડ - 4:** હિમીતાબેન કેયુરભાઇ પટેલ, રૂપાલીબેન સંજયભાઇ પટેલ, મનોજભાઇ વિષ્ણુભાઇ પટેલ, વિનોદભાઇ બાબુભાઇ પટેલ, મેહલ મનોજભાઇ પટેલ

**વોર્ડ - 5:** માહીરા મોહમ્મદ ફારુક ડાયાતર, રાગીનીબેન કુમીલસિંહ ઠાકુર, રીતેશ હરીરામ ભાનુશાલી, શંશાકકુમાર અનિલકુમાર મિશ્રા

**વોર્ડ - 6:** નંદાબેન ચંદ્રકાંત પટેલ, નાસિત આબાનર મઝાનઅલી હિરાણી, જયમીત મુકેશભાઈ જયસ્વાલ, કેતનભાઈ અરવિંદભાઈ પટેલ

**વોર્ડ - 7:** જીગેશભાઇ સેવંતુભાઈ નાયકા, પૂજા દિવ્યેશભાઈ પટેલ, રીન્કુબેન દિનેશભાઈ નાયકા

**વોર્ડ - 8:** નિમિષાબેન મહેશભાઈ પ્રજાપતિ, શૈલ પારસ શાહ, જગનભાઈ પ્રભુભાઈ પટેલ, વરુણસિંગ દિલીપસિંગ

**વોર્ડ - 9:** રંજુબેન સુરેશભાઇ હળપતિ, ભાવનાબેન જયેશભાઇ પટેલ, અનિલકુમાર ડાહ્યાભાઇ પટેલ, ચિંતન મહેશભાઇ શાહ

**વોર્ડ - 10:** સ્મિતાબેન રાકેશકુ પટેલ, ઉરમિલા મહેશભાઈ યાદવ, અજયકુમાર શશીકાંત મહેતા, પીરમહંમદ ઇસ્ત્યાક અહમદ મકરાણી

**વોર્ડ - 11:** નસરીનબેન નાસીરભાઈ પાનવાલા, લોચનાબેન ભીમરાવ કટકે, હર્ષદકુમાર ચીમનભાઇ પટેલ, ખંડુભાઇ ગુલાબભાઇ પટેલ

**વોર્ડ - 12:** લક્ષ્મિકુમારી પ્રવીણ સિહ, પ્રફલકુમાર સિંગ ઉધ્યસિંગ સિંગ

**વોર્ડ - 13:** ક્રિષ્ના રિતેશ ભાનુશાલી, નરગિશ સોકતખાન ખાન, દિપકભાઇ છોટુભાઇ પટેલ, દિનેશ હરીહર પ્રસાદ

# ઉમરગામ પાલિકાના વોર્ડ.7માં, તાલુકામાં ભાજપે ઉમેદવાર બદલ્યા

**ઉમરગામ** નગરપાલિકાની 28 બેઠક માટે 73 ઉમેદવારી

**ભાજપ** અગ્રણી ઉમરગામ તા.પં.ના માજી પ્રમુખ રમેશભાઈ ધાંગડાને ટિકિટ ન મળતાં ડેહલી જિલ્લા પંચાયત બેઠક ઉપરથી અપક્ષ ઉમેદવારી

**યુવા** શક્તિ વિકાસ સંગઠને અપક્ષ ઉમેદવારો ઊભા રાખી ભાજપ-કોંગ્રેસનું ટેન્શન વધાર્યું

ઉમરગામઃ ઉમરગામ નગરપાલિકાની 7 બોર્ડની 28 બેઠકો માટે ભાજપ કોંગ્રેસ સહિત કુલ 73 અને જિલ્લા પંચાયતની 8 બેઠકો માટે 37 ઉમેદવારી પત્રકો ભરાયા છે. ઉમરગામ પાલિકામાં વોર્ડ નંબર 7 મા એક તથા તાલુકા પંચાયતની 3 બેઠકો ઉપર ભાજપને ઉમેદવારો બદલવા પડ્યા છે. ઉમરગામમાં આવતી જિલ્લા પંચાયતની કુલ આઠ બેઠકો માટે ભાજપ કોંગ્રેસ આમ આદમી પાર્ટી અને અપક્ષ ઉમેદવારો મળીને કુલ 37 ઉમેદવારી પત્રકો ભરાયા છે જિલ્લા પંચાયતની ફણસા બેઠક પર ભાજપમાંથી રામદાસભાઈ વરઠા, સતીશકુમાર ધીરજલાલ બોચલ, મરોલી બેઠક પરથી ભાજપમાંથી નવીનભાઈ હળપતિ, ભુપેન્દ્રભાઈ રમણલાલ દુબળા અને હળપતિ મહેન્દ્ર કાલિદાસે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. મોહનગામ બેઠક પરથી ભાજપમાંથી રેશ્માબેન પટેલ, શર્મિલાબેન જગદીશભાઈ પટેલ, કોંગ્રેસમાંથી શીલાબેન જયેશભાઈ પટેલ,અમિતાબેન સતિષભાઈ ધોડીએ ઉમેદવારી નોંધાવી છે. સતત ચર્ચામાં રહેતી આવેલી સરીગામ જિલ્લા પંચાયતની બેઠક પરથી ભાજપમાંથી વિનિતાબેન પંકજકુમાર રાય,હેમાલી અંકિત શાહ, કોંગ્રેસમાંથી મયુરી કલ્પેશ પટેલ,આ.આ.પા. માંથી અનિસ્તા રામલખન ચૌહાણ, અને નુતનબેન જીતેન્દ્રભાઈ ભંડારીએ ઉમેદવારી નોંધાવી છે. આ ચૂંટણીમાં સરીગામના રાકેશ રાયના નેતૃત્વમાં યુવા શક્તિ વિકાસ સંગઠને ઉમરગામમાં તાલુકા પંચાયતની 25 અને જિલ્લા પંચાયતની 7 બેઠક ઉપર અપક્ષ ઉમેદવારો ઊભા રાખી અને આ.આ.પા પણ મેદાનમાં ઉતરતા ભાજપ કોંગ્રેસનું ટેન્શન વધાર્યું છે. ઉમરગામ તાલુકા પંચાયતના માજી ઉપપ્રમુખ રમેશભાઈ ધાંગડાએ ભાજપે ટીકીટ ન આપતા ભારે નારાજ જોવા મળ્યા હતા. તેઓએ ડેહલી જિલ્લા પંચાયતની બેઠક પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે તેમની પેનલ માંથી ઝરોલી અને તુંબ તાલુકા પંચાયતની બેઠક ઉપર થી બે ઉમેદવારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવતા ખળભળાટ મચી ગયો છે. અન્ય બેઠકો ઉપર પણ ભાજપમાં અસંતોષ જોવા મળી રહ્યો છે અસંતોષો અને નારાજ આગેવાનોને મનાવવા ભાજપ ડેમેજ કંટ્રોલની ભૂમિકામાં કવાયત કરી રહ્યું છે ભાજપે જાહેર કરેલા ઉમેદવારોમાં સમજાવટ અને સંમતિથી દહાડ તાલુકા પંચાયતની બેઠક પરથી વિનયભાઈ અરવિંદભાઈ ધોડીના બદલે વનેશભાઈ ધોડી, ખતલવાડ -1 માં તુલસીદાસ કરસનભાઈ માછીના બદલે જીગ્નેશભાઈ માછી જ્યારે સંજાણ -2 માં વર્ષાબેન મહેશભાઈ ધોડીના બદલે બીજલબેન અમિતભાઈ પટેલે ફોર્મ ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

## વાંસદા તા. પંચાયતની ૨૮, જિ. પંચાયત ૭ બેઠક પર ભાજપનાં ફોર્મ ભરાયાં

વાંસદાઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી અને આમ આદમી દ્વારા ૨૮ તાલુકા પંચાયત અને ૭ જિલ્લા પંચાયતના સભ્યોના ફોર્મ ભરાયા બાદ બીજા દિવસે ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ તમામ સીટો પર ફોર્મ ભરી દેતાં ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સ્થાનિક સ્વરાજ્યની તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી જાહેર થતાં વાંસદા કોંગ્રેસ પાર્ટી અને આમ આદમી પાર્ટી દ્વારા ફોર્મ ભરવાની કામગીરી પૂર્ણ થયા બાદ બીજા દિવસે તા. ૧૧/૪/૨૦૨૬ ના રોજ વાંસદા ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ આદિવાસી વાંજિત્રો ઢોલ નગારા અને નૃત્ય સાથે કુકણા સમાજ ભવનથી હજારોની સંખ્યામાં રેલી કાઢી વાંસદા નગરમાં થઈ તાલુકા કચેરી ખાતે પહોંચી ૨૮ તાલુકા પંચાયતના સભ્યો અને ૭ જિલ્લા પંચાયતના સભ્યોના તમામ ઉમેદવારી પત્રો ભર્યા હતા. કેટલીક સીટો પર ડમી ઉમેદવારને સાથે રાખીને ઉમેદવારી પત્રો ભર્યા હતા.

# મહિલા મુસાફરોને નિશાન બનાવી રિક્ષા ગેંગ ઝડપાઈ

**મુખ્ય** મહિલા આરોપી વોન્ટેડ, દાગીના-રોકડ મળી રૂ.6.92 લાખની મતા કબજે

નવસારીઃ નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચે જિલ્લામાં ચોરીની ઘટનાઓ વચ્ચે મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી આંતરજિલ્લા રિક્ષા ગેંગને ઝડપી પાડી છે. આ ગેંગ ખાસ કરીને એકલી જતી વૃદ્ધ મહિલાઓને નિશાન બનાવી સોનાના દાગીના સેરવતી હતી. પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે એક મહિલા સહ-આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવી છે.

નવસારી અને બીલીમોરા વિસ્તારમાં બનેલી ચોરીની ઘટનાઓ બાદ એલસીબી ટીમે સીસીટીવી ફૂટેજ અને ગુપ્ત માહિતીના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન નવસારી રિંગ રોડ રેલવે ગરનાળા નજીકથી નંબર પ્લેટ વગરની શંકાસ્પદ રિક્ષાને અટકાવી તેમાં સવાર સલમાનખાન ઉર્ફે સલ્લુ પઠાણ અને વિક્રમભાઈ દંતાણી (બંને રહે., મહેમદાવાદ, જિ. ખેડા) ની ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન બંને આરોપીઓએ સ્વીકાર્યું કે તેઓ રિક્ષાચાલક સાથે મળીને મહિલાઓને નિશાન બનાવી ચોરી કરતા હતા. આ ગેંગમાં આશાબેન ચંદુભાઈ દેવીપૂજક નામની મહિલા મુખ્ય ભૂમિકા ભજવતી હતી, જેને હાલ વોન્ટેડ જાહેર કરવામાં આવી છે. પોલીસે આરોપીઓ પાસેથી સોનાના દાગીના, ઓટોરિક્ષા, મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ અંદાજે રૂ.6.92 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું કે આ ગેંગ પોતાની ઓળખ છુપાવવા માટે રિક્ષાની નંબર પ્લેટ કાઢી નાખતી અને અલગ-અલગ જિલ્લાઓમાં જઈ ગુનાઓ કરતી હતી. આરોપીઓ સામે અગાઉ પણ 12થી વધુ છેતરપિંડીના ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

આ કામગીરી સાથે નવસારી અને બીલીમોરામાં બનેલી બે મહત્ત્વપૂર્ણ ચોરીની ઘટનાઓનો ભેદ ઉકેલાયો છે. જેમાં નવસારીમાં પારસી હોસ્પિટલ નજીક એક મહિલાની સોનાની ચેન તથા બીલીમોરામાં એક મહિલાનું મંગલસૂત્ર ચોરી કરવામાં આવ્યું હતું.

# ખેરગામ તા.પં.ની ૧૬, જિ.પં.ની ૨ બેઠક માટે 73 ઉમેદવાર

**ભાજપ,** કોંગ્રેસ, આપ વચ્ચે ત્રિપાંખિયો જંગ જામશે

ખેરગામઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત સાથે રાજકીય પક્ષોમાં ઉમેદવાર કોણે બનાવવો તે અંગેની વિમાસણ શરૂ થઈ ગઈ હતી. ભાજપ તેમજ કોંગ્રેસમાં ઉમેદવારોની જાહેરાત સાથે જગ્યાએ અસંતોષ જોવા મળ્યો હતો, તો ક્યાં બગાસુ ખાતા પતાસુ હાથ લાગી ગયું હોય તેવી સ્થિતિ હતી. ખેરગામ તાલુકાની નવસારી જિલ્લા પંચાયત હેઠળ આવતી બે બેઠક માટે કુલ 8 ઉમેદવારએ પોતાના ઉમેદવારી પત્રકો ભર્યા હતાં. જેમાં જિલ્લા પંચાયતની આછવણી-1 બેઠક અને ખેરગામ-12 બેઠક માટે ઉમેદવારી નોંધાઈ હતી. તે જ રીતે તાલુકા પંચાયતની કુલ 16 બેઠક માટે કુલ 65 ઉમેદવારે પોતાના ફોર્મ ભરતા ચૂંટણીમાં તીવ્ર સ્પર્ધા જોવા મળશે તે નિશ્ચિત બન્યું છે. દરેક બેઠક પર મુખ્ય રાજકીય પક્ષો વચ્ચે જોરદાર ટક્કર રહેવાની સંભાવના છે. ખેરગામ તાલુકાની તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકોમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ), કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચે ત્રિપાંખિયો ચૂંટણી જંગ જામશે. વિવિધ પક્ષોના ઉમેદવારો દ્વારા પોતાના સમર્થકો સાથે શક્તિ પ્રદર્શન કરતાં ઉમેદવારી નોંધાવવાના દ્રશ્યો સેવાસદનમાં જોવા મળ્યા હતાં.

હવે ઉમેદવારી પત્રોની ચકાસણી અને પરત ખેંચવાની પ્રક્રિયા બાદ સ્પષ્ટ થશે કે કયા ઉમેદવારો મેદાનમાં રહેશે. ચૂંટણી નજીક આવતાં રાજકીય પક્ષો દ્વારા પ્રચાર-પ્રસારની ગતિ પણ વધુ તેજ બનવાની શક્યતા છે.

ખેરગામ તાલુકામાં આ વખતે ચૂંટણી રસપ્રદ અને સ્પર્ધાત્મક બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.